# ભારત વિકાસ પરિષદ દ્વારા બાલિકા સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

ભારત વિકાસ પરિષદ દ્વારા આવનાર ૨૪ જાન્યુઆરી બાલિકા દિવસ અંતર્ગત તા. ૧૬ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન બાલિકા સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. આ બાલિકા સપ્તાહ અંતર્ગત ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખાની મહિલા પાંખ દ્વારા શાખા દ્વારા દત્તક લેવાયેલી ફતેહપુરાની બાલિકાઓ માટે વિવિધ કાર્યક્રમો કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૧૦ થી ૧૮ વર્ષની છોકરીઓનું હિમોગ્લોબીન ચેક કરવું, ચણા, ગોળ અને લોખંડની કડાઈનું વિતરણ કરવું, બેટી બચાઓ, બેટી પઢાઓ વિષય પર વકતૃત્વ સ્પર્ધા, છોકરીઓને ગરમ કપડા તેમજ માસ્કનું વિતરણ અને શારીરિક સ્વચ્છતા અંગેની સમજ આપવી તથા સમાપન સમારોહ દિવસના દિવસે ઈનામ વિતરણ આ તમામ કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ચિલોડાના જીવદયાપ્રેમી યુવકોએ નકામી પતંગ-દોરી એકત્રીત કરી નાશ કર્યો



ચિલોડા, તા. ૧૬

રાજ્ય સરકારના કરૂણા અભિયાન અંતર્ગત પતંગ-દોરીથી અબોલ પક્ષીઓ ઈજાગ્રસ્ત ન થાય તે માટે ચિલોડા ઓવરબ્રીજના સ્લેબ નીચે અસંખ્ય કબૂતરોનુ આશ્રયસ્થાન આવેલુ છે. ત્યાં ચિલોડા ગામના પતંગ રસિયાઓએ છેલ્લા બે દિવસ ઉત્તરાયણની પતંગો ચગાવી મોજ માણી હતી. ત્યારે કપાયેલા પતંગ દોરી ઓવરબ્રીજની અનેક જગ્યાએ જ્યાં કબૂતરોનું રહેઠાણ હોવાથી વારંવાર ઉડતા કબૂતરો દોરીના ઝોલા અને લટકતી દોરીથી કબૂતરોના પગમાં કે પાંખોમાં ફસાઈ જવાનો પૂરેપૂરો સંભવ હોવાથી અબોલ પક્ષીઓ ઈજાગ્રસ્ત થાય તેવા સંજોગોને લીધે જીવદયાપ્રેમી એસ.ટી. કંન્ટ્રોલ પોઈન્ટના કર્મયોગી ભરતભાઈ પટેલ તથા મનુભાઈ આર. વાળંદ બંને યુવાનોએ ઓવરબ્રુજ પર જઈને તમામ પતંગની નકામી દોરીને એકત્રીત કરી નાશ કર્યો હતો.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતી ૮ ટ્રેનને આજે મોદી લીલીઝંડી આપશે

## કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને વધુ એક ભેટ : સ્ટેશનની નવી ઇમારતોને સ્થાનિક-આધુનિક મુસાફરોની સુવિધાઓ ને ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવી છે

ગાંધીનગર,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે દેશના વિવિધ પ્રદેશો સાથે કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતી ૮ ટ્રેનોને વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. વડાપ્રધાન દ્વારા ગુજરાતમાં રેલવેને લગતા અન્ય કેટલાંક પ્રોજેકટસનું પણ આ પ્રસંગે ઉદ્‌ઘાટન કરાશે. આ પ્રસંગે કેવડિયા ખાતેથી ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને કેન્દ્રીય રેલવે મંત્રી પીયૂષ ગોયલ પણ જોડાશે. વડાપ્રધાન દ્વારા ડભોઈ-ચાંદોદ રૂપાંતરિત બ્રોડ ગેજ રેલવે લાઈન, ચાંદોદ- કેવડિયા નવી બ્રોડ ગેજ રેલવે લાઈન, પ્રતાપનગર- કેવડિયા નવા વિધુતીકરણ રેલ ખંડ તથા ડભોઈ, ચાંદોદ અને કેવડિયા સ્ટેશનોની નવી ઈમારતોનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.



આ ઈમારતોને સ્થાનિક તેમજ આધુનિક મુસાફરોની સુવિધાઓ ને ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કેવડિયા ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેટ ધરાવતું ભારતનું સૌપ્રથમ રેલ્વે સ્ટેશન છે. આ પ્રોજેક્ટસના નિર્માણ થકી નવી રોજગારી અને વ્યવસાયની તકો ઉપલબ્ધ થશે જેના પરિણામે નજીકના આદિવાસી વિસ્તારોમાં વિકાસની પ્રવૃત્તિઓને વેગ મળશે. નર્મદા નદીના કાંઠે મહત્વપૂર્ણ ધાર્મિક અને પ્રાચીન તીર્થ સ્થળો સાથે પણ આ ટ્રેનો જોડશે જેના લીધે આ ક્ષેત્રના સામાજિક-આર્થિક વિકાસ માટે પ્રેરક બની રેહશે અને સ્થાનિક-આંતરરાષ્ટ્રીય પર્યટનમાં પણ વધારો થશે. જનશતાબ્દી એક્સપ્રેસમાં નવીનતમ વિસ્ટા-ડોમ ટૂરિસ્ટ કોચ બનાવવામાં આવ્યો છે, જેમાં બેસીને પર્યટકો પ્રવાસમાં કુદરતી દ્રશ્યોનો નયનરમ્ય નજારો માણી શકશે.

# લવારપુર ગામે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ૧૦ કિલો ૫૦૦ ગ્રામ ગુંચડા-પતંગની દોરી ખરીદી



ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે પતંગોત્સવમાં પતંગ રસિયાઓએ બે દિવસ પતંગો ઉડાડી પર્વની અનોખી ઉજવણી કરી હતી. ત્યારે આ ગામમાં નકામી પતંગની દોરીના ગુંચડાઓ તથા દોરીના અસંખ્ય ઝોલાને લીધે અબોલ પક્ષીઓને ઈજા ન પહોંચે અને જીવ બચાવવા જીવદયાપ્રેમી ગ્રામજનો અને ક્ષત્રિય ઠાકોર સેનાના જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ ગોવિંદજી. સોલંકી તથા તેમના સાથીદારો સાથે લવારપુર ગામમાં કરૂણા અભિયાન અંતર્ગત નકામી પતંગની દોરી ૧ કિલોએ ૧૦૦ રૂ. કિંમત ચૂકવણી કરી કુલ ૧૦,૫૦૦ ગ્રામ નકામી પતંગી દોરી-ગુંચડાના ૧૦૫૦ રૂ. માં ખરીદી કરી એકત્રીતનો પ્રયાસ સફળ નીવડ્યો હતો. આ નકામી પતંગ દોરીનો જથ્થો સામુહિક રીતે નાશ કરી જીવદયાપ્રેમી પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# સૂર્ય ગુજરાત યોજનાના લાભાર્થીઓ જોગ

ગાંધીનગર, તા. ૧૬

વીજગ્રાહકોએ રહેણાંક હેતુ માટેની સોલર રૂફટોપ સીસ્ટમ "સૂર્ય ગુજરાત" યોજના MNRE Ph & II અંતર્ગત રૂફટોપ પ્રોગ્રામ હેઠળ પોતાના રહેણાંક હેતુના વીજજોડાણ ઉપર સ્થાપિત કરેલ છે તેઓને જણાવવાનુ કે નાણાંકીય વર્ષ દરમ્યાન તેમને નિયમાનુસાર મળવાપાત્ર સરપ્લસ ઈન્જેક્શન કંપેનસેસનનું ચુકવણું દર નાણાંકીય વર્ષના અંતે કરવાનુ થતુ હોય, તે માટે આવા ગ્રાહકોએ તેમના બેન્ક ખાતાની વિગત વીજ વિતરણ કંપનીના જે તે સબડિવિઝનમાં જમા કરાવેલ ના હોય તો તેઓએ એક કેન્સલ્ડ ચેક સાથે તેમની વિગત લાગુ પડતી વીજ વિતરણ કંપની (DGVCL/MGVCL/PGVCL/UGVCL) ની પેટા વિભાગીય કચેરીએ જમા કરાવવાની રહેશે.




ઉર્જા વિતરણ કરતી ગુજરાતની વિવિધ વીજ કંપનીઓના કર્મચારીઓના એલાઉન્સ મુદ્દે સરકાર સામે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. કર્મચારીઓ ૨૦૧૬થી સાતમા પગાર પાંચના લાભો આપવાની માંગ કરી રહ્યા છે. ગુજરાત ઉર્જા સંયુકત સંકલન સમિતિના નેજા હેઠળ કર્મચારીઓએ ગાંધીનગરમાં એકત્ર થઈ દેખાવો કર્યા હતા.

# સે-૩ માં સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવા સ્થાનિકોની માંગણી

## કટાયેલા અને જોખમી થાંભલા દુર કરીને નવા પોલ્સ નાંખવા સ્થાનિકોની રજુઆત : સે-૬ ની જેમ સે-૩ માં પણ ઝડપથી કામ હાથ ધરવા રજુઆત

ગાંધીનગર તા ૧૬

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા ચાર દાયકાના અંતે કટાયેલી અને જોખમી હાલતમાં છે. સેકટરોમાં કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પડતુ નથી ત્યારે લાઈટના ખુલ્લા થાંભલા સ્થાનિકો માટે જોખમી બન્યા છે. હાલ સે-૬ માં સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ નાંખવાનુ કામ હાથ ધરાયુ છે ત્યારે સે-૩ માં પણ નવા થાંભલા નાંખવા માટે કામગીરી હાથ ધરાય તેવી લાગણી અને માંગણી સ્થાનિકોએ વ્યકત કરી છે.

શહેરમાં દાયકાઓ જુના સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ પણ યથાવત છે. સેકટરામાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. જયારે આ પૈકી મોટાભાગના કંગાળ હાલતમાં છે. કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઈટના થાંભલા શહેરની ઓળખ બની ગયા છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં માર્ગ નિર્માણ તેમજ બગીચાઓના નવિનીકરણ સહીતના કામો માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ ચાર દાયકા જુના સ્ટ્રીટ લાઈટના જોખમી થાંભલાની જાળવણી થતી નથી જેના લીધે મોટાભાગના થાંભલાના ઢાંકણો પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. તંત્ર દ્વારા શહેરના સેકટરોમાં કેટલાક ઠેકાણે હાલ સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. અગાઉ થાંભલાનુ કલરકામ પણ કરવામાં આવી રહ્યુ હતુ હાલ સે-૬ માં નવા થાંભલા નાંખવામાં આવી રહ્યા છે.

ત્યારે અન્ય સેકટરોમાં પણ આ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે. શહેરના સે-૩ માં પણ કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઈટના થાંભલા મોટાભાગે બંધ રહેતા હોવાની સાથે જોખમી હાલતમાં ખુલ્લા રહેતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. સે-૩ માં કટાયેલા થાંભલા બંધ રહેતા હોવાની ફરિયાદો પણ વિશેષ છે ત્યારે વરસાદી દિવસો દરમિયાન આ ફરિયાદો વધી જાય છે. સેકટરમાં જુના અને કંગાળ થાંભલા બદલીને નવા નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે. હાલ શહેરના સે-૬ માં નવા પોલ્સ નાંખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે હવે સે-૩ માં પણ ટુંકમાં નવા થાંભલા મુકવા માટેનુ કામ હાથ ધરાય તે માટે સ્થાનિકોએ રજુઆત પણ કરી છે.



આવી રહેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન માટે ઉપયોગમાં લેવામાં આવનાર ઈ.વી.એમ.નું એફ.એસ.સી. આજથી મામલતદાર ગાંધીનગરની કચેરી દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.




જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા જુદા જુદા સેકટરના જાહેર માર્ગની ફૂટપાથ પર તથા ફૂટપાથની બાજુમાં આવેલા વૃક્ષો નીચે રહેતા ગરીબ મજૂરોના નાના બાળકોને જાયન્ટ વેલ્ફેર ફાઉન્ડેશન ૩ સીના બ્રાન્ચ પ્રમુખ બી.એમ.પટેલ, ઉપપ્રમુખ સાંકાભાઈ પટેલ, સેક્રેટરી નટુભાઈ પટેલ તથા મેઈન ગ્રુપના પૂર્વ પ્રમુખ વસંતભાઈ પટેલ વિ. એ ગરીબ જરૂયિાતમંદ શ્રમજીવીઓના બાળકોને શુધ્ધ ઘી ના લાડુ ઘરે બનાવી વહેંચીને સુંદર સેવાકીય પ્રવૃતિ કરી હતી.

# જિલ્લામાં એક જ દિવસે શ્રી રામ મંદિર માટે રૂ. ૬૧ લાખનું દાન

## મુખ્ય દાતા ડિ.ડિ.પટેલે રૂ.૨૧,૧૧,૧૧૧ અને શ્રી હનુમાનજી મંદિર ટ્રસ્ટ-ડભોડા તરફથી રૂ. ૨,૫૧,૦૦૦ નો ચેક અર્પણ કરાયો

ગાંધીનગર

મકરસંક્રાંતિ પર્વના બીજા જ દિવસે શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા મંદિર માટે નિધિ સમર્પણ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ત્યારે ગાંધીનગર સેક્ટર-૭ ખાતે સંતોની ઉપસ્થિતિમાં ભારત માતા મંદિરે પણ નિધિ સમર્પણનો કાર્યક્રમ યોજાયો હતો.



આ તકે, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ ટ્રસ્ટો અને અનેક દાતાઓએ શ્રી રામ જન્મભૂમિ માટે દાન આપ્યું હતું. જેમાં તારીખ ૧૫-૦૧-૨૦૨૧ ના દિવસે એક જ દિવસમાં જિલ્લાભરના કુલ ૪૩ દાતાઓએ કુલ રૂપિયા ૬૧ લાખનું દાન આપી દાનની ધારા વહાવી હતી. આ તકે, પોલીસ આવાસ નિગમ ના ચેરમેન ડી. ડી.પટેલ મુખ્ય દાતા રહ્યા હતા. જેમણે રૂ ૨૧, ૧૧, ૧૧૧ નો ચેક અર્પણ કર્યો હતો. જ્યારે શ્રી હનુમાનજી મંદિર ટ્રસ્ટ-ડભોળા દ્વારા ૨,૫૧,૦૦૦, ઉમિયા માતાજી સંસ્થાન કેન્દ્ર (સેકટર ૧૨ ગાંધીનગર) તરફથી ૧,૧૧,૧૧૧ વિહિપ રામ મંદિર સમર્પણ નિધિ અધ્યક્ષ અને ગાંધીનગર એપીએમસીનાં ચેરમેને ૧,૦૦,૦૦૧ રૂપિયાનું દાન કર્યું હતું. પૂર્વ ભાજપ પ્રદેશમંત્રી જગદીશભાઈ પ્રતાપજી ઠાકોરે ૧,૧૧,૧૧૧, વિઘ્નેશ્વરી પરીવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧લાખ, ગાંધીનગરના એડવોકેટ બી.આર. શર્મા દ્વારા ૧ લાખ, બિલ્ડર પ્રમુખભાઈ ડી. પટેલે ૧ લાખ એમ જિલ્લાભરના કુલ ૪૩ દાતાઓએ શ્રી રામ જન્મભૂમિ મંદિર માટે કુલ રૂપિયા ૬૧ લાખનું દાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં પરમ પૂજ્ય ફુલ શંકર શાસ્ત્રીજી, પરમ પૂજ્ય મહામંડલેશ્વર રામમનોહરદાસજી, પરમ પૂજ્ય રામસ્વામી, પરમ પૂજ્ય મધુસુદનદાસજી, પરમ પૂજ્ય પ્રેમદાસજી સહિત સંતો-મહંતો અને ધાર્મિક,સામાજિક અને રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે, વિહિપ વિભાગમંત્રી મુકેશભાઈ ગોરે રામ જન્મભૂમિ કાર્યક્રમની રૂપરેખા અને માહિતી આપી હતી. જ્યારે પ્રાંત સહ સંપર્ક પ્રમુખ પ્રકાશભાઈ પટેલે અભિયાન માટે આહવાન કર્યું હતું. સાથે જ જિલ્લા સંઘ સંચાલક હર્ષદભાઈ પટેલ અને અશોકભાઈ એચ. પટેલ સહિત વિહિપ, આર.એસ.એસ અને બજરંગ દળના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બીએસએફના પેન્શનધારકોની ફરિયાદ-સમસ્યાના નિવારણ માટે પેન્શન અદાલતનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા ગુજરાત તેમજ રાજસ્થાનના બીએસએફના પેન્શનધારકો તથા પારિવારિક પેન્શન ધારકોની પેન્શન સંબંધિત સમસ્યાઓ તથા ફરિયાદોના નિકાલ માટે આગામી તા. ૨૧ અને ૨૨ જાન્યુઆરી દરમિયાન પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ પેન્શન અદાલત ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના મુખ્યાલય ખાતે યોજાશે. જેમાં નવી દિલ્હીથી તથા ગાંધીનગર સંકુલથી પીએઓ, બેંક, સીપીએઓ, સીપીપીસી, એસડબલ્યુઓ, ડીડબલ્યુઓ વગેરેના પ્રતિનિધિઓ વિડીયો કોન્ફરન્સથી અદાલતમાં ભાગ લઈ પેન્શનરોની ફરિયાદો તથા સમસ્યાઓનું સમાધાન કરશે.

ગુજરાત તથા રાજસ્થાનમાં રહેતા સીમ સુરક્ષા દળના પેન્શન ધારકો પોતાના પેન્શન સંબંધિત ફરિયાદો અને સમસ્યાઓના નિવારણ માટે ગાંધીનગરના ગુજરાત ફ્રન્ટિયરના મુખ્યાલય ખાતે અથવા પોતાની નજીકના બીએસએફ મુખ્યાલય ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જાતે ઉપસ્થિત રહી ભાગ લઈ શકશે. આ બાબતે વધુ માહિતી માટે પેન્શનધારકો મો.નં. ૭૭૨૭૮૦૧૩૧૬, ૮૯૧૮૨૯૪૯૨૩, ૯૬૩૫૦૦૬૯૪૧ અથવા ૯૧૭૩૯૯૧૧૨ પર સંપર્ક સાધી શકાશે.

## જુનું બિલ્ડીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આઈ ટી આઈનુ ચાર દાયકા જુનુ બિલ્ડીંગ કંગાળ અને જર્જરિત હાલતમાં છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા આ જુના બિલ્ડીંગને તોડીને નવુ બિલ્ડીંગ બનાવવા માટે આયોજન કરાયુ છે.પ્રથમ તબક્કામાં જુનુ બિલ્ડીંગ તોડવામાં આવશે ત્યારબાદ નવા બિલ્ડીંગનુ કામ શરૂ કરાશે. નવા બાંધકામ અન્વયે પાંચ મજલાના બિલ્ડીંગ ઉપરાંત કમ્પાઉન્ડ વોલ, પાર્કીંગ , વર્કશોપ, કલાસરૂમ, કોન્ફરન્સ રૂમ, થિયરી કલાસ ફાયર સેફટીની વ્યવસ્થા ઉફરાંત બગીચાનુ પણ નિર્માણ કરાશે. આઈ ટી આઈ બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૯ કરોડનો ખર્ચ કરાશે. જયારે હાલ આ યોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ટેન્ડર આખરી થયા બાદ કામ શરૂ કરાશે. ત્યાં સુધી જુનુ બિલ્ડીંગ તોડવા ઉપરાંત વર્કશોપને અન્ય જગ્યાએ ખસેડવામાં આવશે.

## ગુડા વિસ્તારમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. આજનો દિવસ ઐતિહાસિક છે તેમ જણાંવતા તેમણે ઉમેર્યુ હતુ કે વિશ્વ કોરોના સામે સંઘર્ષ કરી રહ્યુ છે ત્યારે દવા કે વેકિસન ન હતી ત્યારે લોકમાનસમાં ઘેરી ચિંતા પ્રવર્તી હતી. દેશના વડાપ્રધાનના હસ્તે વેકિસનનુ લોન્ચીંગ કરાયુ છે. રાજયમાં કુલ ૧૬૧ સ્થળોએ ૧૬હજાર નાગરિકોને વેકિસન આપવામાં આવી છે. અત્યાર સુધી વેકિસનનો નકારાત્મક અસર જોવા મળી નથી. આગામી દિવસોમાં તમામ બીજા તબક્કામાં ૫૦ વર્ષથી મોટાને વેકિસન આપવામાં આવશે. કોરોના વેકિસનના સુચારુ આયોજનથી કેટલાક વિરોધીને ગમ્યુ નથી પરંતુ બુરી નજર વાલે તેરા મું કાલાના સુત્ર સાથે તેમણે પ્રજામાં ભ્રમ ફેલાવતી કોંગ્રેસની હરકત સામે નારાજગી વ્યકત કરી હતી. પરંતુ કોરોના હારશે ગુજરાત જીતશે ..દુનિયામાં ભારતે જે કામગીરી કરી છે તે ઉદાહરણરૂપ છે. આ તબક્કે ગુડાના અધ્યક્ષ રતનકુંવર ગઢવી ચારણ, ગુડાના મુખ્ય કારોબારી અધિકારી અમિતકુવાર યાદવ, મેયર રીટાબેન પટેલ, સાંસદ એચ એસ પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર ગુડાના અધિકારી સંજય પટેલ સહીતના અધિકારીઓએ પણ હાજરી આપી હતી.

## ડમ્પીંગ સાઈટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મિશ્રાએ આજે ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અંતર્ગત ચાલી રહેલી કામગીરી ઉપરાંત અમૃત યોજના, એન.યુ.એસ.એમ.ની પણ સમીક્ષા કરી અને સંતોષની લાગણી વ્યકત કરી હતી. સ્માર્ટ રોડ બનાવવાના પ્રોજેકટને લઈ તેમણે સંતોષ વ્યકત કરી એકસલન્ટ વર્ક કહ્યું હતું.

મિશ્રાએ રેલ્વેસ્ટેશનના પ્લેટફોર્મ આકાર પામેલ હોટલ લીલાની પણ મુલાકાત લીધી હતી તેમજ મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટની પણ ઉડતી મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે ડમ્પીંગ સાઈટની મુલાકાત વેળાએ તેમણે ત્યાં કામ કરી રહેલા શ્રમજીવીઓ સાથે પ્રશ્નોત્તરી કરી મળતા વેતન તેમજ કૌટુંબિક સ્થિતિ આરોગ્ય સેવાઓની ઉપલબ્ધિ જેવી વિવિધ જાણકારી પણ મેળવી હતી.

## શુભારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રણ લાખથી વધુ આરોગ્ય કર્મચારીઓને પહેલો ડોઝ આપવામાં આવ્યો છે.

દિલ્હી એઈમ્સના ડાયરેકટર ડૉ.રણદીપ ગુલેરિયા એ લીધી રસી, દેશના સૌથી મોટી સરકારી હોસ્પિટલના ડાયરેકટરે વેક્સિન લઈને દેશવાસીઓને સંદેશ આપ્યો કે તમે પણ રસી લઈ શકો છો. ગુજરાત સહિત દેશભરમાં કોરોના રસીકરણનું અભિયાન શરૂ થઈ ગયું હતું.

વડાપ્રધાને કહ્યું કે કોરોનાના કાળમાં આપણા કેટલાંય સાથી એવા રહ્યા જે બીમાર થઈને હોસ્પિટલ ગયા તે પાછા આવ્યા જ નહીં. પીએમ એ કહ્યું કે સંકટના એ સમયમાં, નિરાશાના એ વાતાવરણમાં, કોઈ આશાનું પણ સંચાર કરી રહ્યા હતા, આપણે બચાવવા માટે પોતાના પ્રાણોને સંકટમાં નાંખી દીધા હતા. આ લોકો હતા આપણા ડૉકટર, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, એમ્બ્યુલન્સ ડ્રાઈવર, આશા વર્કર, સફાઈ કર્મચારી, પોલીસ અને બીજા ફ્રન્ટલાઈન વર્કર્સ. આપણા કેટલાંય સાથી કોરોનાથી ગ્રસિત થઈ હોસ્પિટલ ગયા તો તેઓ પાછા આવ્યા જ નહીં. એવા તમામ સાથીઓને આપણે સાદરાંજલિ અર્પિત કરીએ છીએ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને સંબોધિત કરતાં કહ્યું કે ઈતિહાસમાં આ પ્રકારનું આટલા મોટાપાયે રસીકરણ અભિયાન પહેલાં કયારેય ચલાવ્યું નથી. દુનિયાના ૧૦૦થી પણ વધુ એવા દેશ છે જેની વસતી સંખ્યા ૩ કરોડથી ઓછી છે અને ભારત વેક્સીનેશનના પોતાના પહેલાં તબક્કામાં જ ૩ કરોડ લોકને રસીકરણ કરી રહ્યું છે. બીજા તબક્કામાં આપણે ૩૦ કરોડની સંખ્યા સુધી લઈ જવાનું છે. જે વૃદ્ધ છે, જે ગંભીર બીમારીથી ગ્રસ્ત છે, તેમને આ તબક્કામાં રસી અપાશે. તમે કલ્પના કરી શકો છો ૩૦ કરોડની વસતીથી ઉપરના દુનિયાના માત્ર ત્રણ જ દેશ છે- ખુદ ભારત, ચીન, અને અમેરિકા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે હું આ વાત ફરીથી યાદ અપાવા માંગું છું કે કોરોના વેક્સિનના ૨ ડોઝ લગાવું ખૂબ જરૂરી છે. તેમણે લોકોને પ્રાર્થના કરી કે તમે બે ડોઝ ચોક્કસ લેજો,

એક ડોઝ લગાવ્યા બાદ ભૂલી ના જાઓ. પીએમ એ કહ્યું કે પહેલાં અને બીજા ડોઝની વચ્ચે લગભગ એક મહિનાનું અંતર રાખવું પડશે. તેનું પણ ધ્યાન રાખો. બીજો ડોઝ લગાવ્યા બાદ ૨ સપ્તાહ બાદ જ તમારા શરીરમાં કોરોનાની વિરૂદ્ધ જરૂરી શક્તિ વિક્સિત થઈ જશે. પીએમે કહ્યું કે જેવી ધીરજ તમે કોરોના કાળમાં દેખાડી હતી, તેવી જ ધીરજ તમે વેક્સીનેશનના સમયે દેખાડજો. પીએમે કહ્યું કે વેક્સીનેશન બાદ પણ સોશિયલ ડિસ્ટેંસિંગ અને માસ્ક જરૂરી રહેશે.